

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પક્ષો એકબીજાની ખાયકીની પોલ ખોલે છે,*
*નથી સ્તર સાચવતા, હલકા બોલ બોલે છે!*
*ફોલે છે ફીફાં કરેલાં કૌભાંડોના સામસામાં -*
*ચોરો ને લૂંટારા ને મતદાર ત્રાજવે તોલે છે!*

### હાઈકુ

*ખોવાઈ જશે !*
*સત્તાના પાતાળમાં -*
*...ઉડતા નેતા*

*આવે ઊભરો -*
*પ્રેમ ને વાત્સલ્યનો,*
*ચૂંટણીમાં જ ?!*

### ચિંતન

*કૃતાકૃતે ચ દ્વન્દ્વાનિ કદા શાન્તાનિ કસ્ય વા ।*
*એવં જ્ઞાત્વેહ નિર્વેદાભ્યવ ત્યાગપરોડવ્રતી ॥*

ઉપરોક્ત શ્લોક અષ્ટ્રાવક્ર ગીતામાંથી લેવામાં આવેલ છે..

કરેલા કર્મો અને નહીં કરેલા કર્મો વિશે મનમાં જે દ્વંદ ચાલતો હોય છે એ કયારેય શાંત થતો નથી. આ વાત જે સમજે છે એની વૃત્તિ શાંત થઈ જાય છે.

માણસ કર્મ કર્યા વિના તો રહી શકતો જ નથી. કેટલાંક કર્મો એ કરી ચૂક્યો છે અને બીજા કેટલાંયે કર્મો હજુ એ કરવા ધારે છે. એમાં કેટલાક કર્મો નફાકારક રહ્યા તો કેટલાંક નુકશાનકારક પણ રહ્યા છે. માણસને પોતાના સઘળાં કર્મોનો નફો જ જોઈતો હોય છે. નુકશાન એને જોઈતું નથી એટલે એ હંમેશા આ દ્વંદ્વથી અશાંત રહેતો હોય છે.

દ્વંદ્વની સ્થિતિને કારણે નિર્માણ પ્રત્યે થતી અશાંતિ કર્મફળ પ્રત્યે વૈરાગ્ય ભાવ કેળવવાથી દૂર થાય છે. જે કંઈ કર્મફળ પ્રાપ્ત થાય એના પ્રત્યે ત્યાગવૃત્તિ કેળવવી એ જ શાંતિનો માર્ગ છે.

### સુવિચાર

- વિશ્વમાં સ્પર્ધાનું સ્થાન જયાં સુધી મૌલિક શ્રદ્ધા નહીં લે ત્યાં સુધી મુશ્કેલી છે - **મોરારિ બાપુ**
- પરમાર્થ કમાવો ઘણો કઠિન છે,
  પરંતુ તેની દયાની આગળ કંઈ જ અશકય તથા મુશ્કેલ નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કલિયુગમાં પારકાનું બૂરું કરે તે જ ગૌરવવાળા અને માનવીય ગણાશે,
  જે મન, કર્મ, વચનથી લબાડ હશે તે વકતા કહેવાશે - **તુલસીદાસ**
- માણસને લાચારીના સીમાડા પરથી હટાવીને એને સ્વાધીનતાના રાજયમાં લઈ જવાનું કામ સમાજવાદનું છે - **કાર્લ માર્કસ**
- જેમ માછલીની કુદાકુદ સાગરને છલકાવી ન શકે,
  તેમ જ્ઞાની મનુષ્યને જગત લોભાવી શકતું નથી - **ભર્તુહરિ**
- સત્ય માણસને અભય આપે, પ્રેમ માણસ પાસે સમર્પણ કરાવે, કરુણા માણસને અહિંસક રાખે - **ધર્મલોક**
- આજનું ઔષધ : વધુ ભાત ખવાઈ ગયા હોય તો તે ભાતને પચાવવા માટે એક ગ્લાસ નવશેકું ગરમ પાણી પીવું હિતકારકમ છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૬ જુલાઈ, ૧૯૪૬ના દિવસે ન્યુયોર્ક શહેરની હોસ્પિટલમાં જટિલા અને ગૂંચવણોની વચ્ચે એક નબળા અને ઓછા વજન વાળા બાળકનો જનમ થયો. જન્મ તો થયો પણ માતાની પ્રસુતિ દરમિયાન ડૉકટરો એ કંઈક એવી ભૂલ થઈ ગઈ હતી કે જેના કારણે જન્મ લેનાર બાળકના જ્ઞાનતંતુઓ પર એની અસર થઈ. આવું થવાની બાળકની જીભ, હોઠ અને દાઢીના અંગો સહિત ચહેરાની ડાબી બાજુનો ભાગ લકવાગ્રસ્ત થઈ ગયો. જેના કારણે તે બાળકનો ચહેરો અસામાન્ય બની ગયો. તેને બોલવામાં અસ્પષ્ટતા થવા લાગી. જે બાળકે બાળપણમાં જ આવી મોટી આફતનો સામનો કર્યો હોય તેને પછી કંઈ આફતનો ડર લાગે ? શાળામાં વિચિત્ર ચહેરો અને લકવાની નબળાઈને કારણે તેને અલગ કરી દેવામાં આવ્યો. ત્યારે તે બાળકે સ્વીકારી લીધું કે જો મને ભગવાને કંઈ અલગ જ બનાવ્યો છે તો હું દુનિયાને બતાવી દઈશ કે હું અલગ જ છું. પોતાની નબળાઈઓને પોતાની શક્તિ બનાવીને તેમાં જીત મેળવીશ. કસરત કરી સુદઢ શરીર બનાવ્યું. લક્ષ્ય હતું ફિલ્મ એકટર બનવાનું. તે બાળક તે ઓસ્કાર એવોર્ડ વીનર ફિલ્મ બનાવનાર 'સિલ્વેસ્ટર સ્ટેલોન.'

# સાધ્વીના નિવેદનો ઈરાદાપૂર્વકના છે કે...

**તંત્રીસ્થાનેથી...**

ભોપાલ જેવી ભાજપની સલામત બેઠક પર માલેગાંવ બોમ્બ વિસ્ફોટ સાથે સંકળાયેલા વિવાદાસ્પદ સાધ્વી પ્રજ્ઞાને ઉમેદવાર બનાવી ભારતીય જનતા પાર્ટીએ એક જુદી જ જાતનો જુગાર ખેલ્યો છે. પહેલા ચરણના મતદાનમાં ભાજપને પીછેહઠ વરતાતાં એના મોવડીમંડળે શિવરાજસિંહ ચૌહાણનું નામ રદ કરી એકાએક નવી જ વ્યક્તિ પર પસંદગી ઉતારી એની પાછળ દેખીતી રીતે હિંદુત્વના કાર્ડની જ રાજરમત હતી. સાધ્વી પ્રજ્ઞા રાજકારણની કક્કો-બારાખડીથી તદન અજાણ છે. પરંતુ ભોપાલ જેવી પ્રતિષ્ઠિથ બેઠક ફાળવાતાં વધુ પડતાં ઉત્સાહમાં આવી જઈ એક પછી એક વિવાદાસ્પદ વિધાનો કરવા લાગ્યા છે. ભાજપને પણ એથી ઘણી ભોંઠપ અનુભવાઈ રહી છે. મુંબઈ બ્લાસ્ટ દરમિયાન આતંકવાદીઓની ગોળીનો શિકાર બનેલ હેમંત કરકરેની છાપ જાંબાઝ સિપાઈ તરીકેની છે. પ્રજ્ઞા ઠાકુરના તથાકથિત માલેગાંવ બ્લાસ્ટવાળા ગુનાની તપાસ પણ કરકરે પાસે હતી. પોલીસ ગુનો કબૂલાવવા થર્ડ ડિગ્રી ટોર્ચર કરે છે તે જગજાહેર બાબત છે. સાધ્વી પર પણ આવું ટોર્ચર નહીં થયું હોય એમ માનવાનું કોઈ કારણ નથી. પરંતુ ભોપાલમાં ભાજપનાં ઉમેદવાર બનીને આવેલાં સાધ્વી જયારે એમ કહે કે કરકરે દેશદ્રોહી અને ધર્મદ્રોહી હતો અને મેં એને 'તારું સત્યાનાશ જજો' એવો શાપ આપેલો એથી એ આતંકવાદીઓની ગોળીઓ ખાઈને મર્યો - ત્યારે તો હદ થઈ જાય છે. કોંગ્રેસ સહિત ઘણા બધા વિપક્ષોએ આ મુદ્દે વાંધો ઉઠાવ્યો અને સાધ્વીને ચૂંટણીપંચની નોટિસ પણ મળી. પરંતુ સાધ્વી જેનું નામ. 'આજ તક' ચેનલને મુલાકાત આપતાં એમણે બાંબરીધ્વંસમાં પોતે સામેલ હતાં એવું કબૂલ્યું બલકે એનું ગૌરવ હોવાનું કહ્યું. આથી હિંદુત્વ મુદ્દે ધ્રુવીકરણ થશે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહની પસંદગી સાચી ઠરશે. સાધ્વી એક પછી એક નવાં નવાં ગતકડાં વહેતા મૂકશે, બનવાજોગ કે એથી ભાજપને કદાચ હિંદુ મતોના ધ્રુવીકરણનો ફાયદો પણ મળે. પરંતુ એથી દેશના બંધારણની જે નાલેશી થઈ રહી છે એનો જવાબ પણ ભાજપને આપવો જ પડશે. સાધ્વી પર લાગેલો મહારાષ્ટ્ર સરકારનો 'મકોકા' રદ થયો છે પરંતુ આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવણીનો ગુનો તો હજી પડેલો જ છે. જામીન પર છૂટેલાં સાધ્વીને ભાજપે હિંદુત્વનાં પ્રતીક તરીકે દેશના મધ્યબિંદુ જેવા ભોપાલની બેઠક પરથી ઊભાં રાખીને પક્ષનો એજન્ડા રજૂ કર્યો છે. વિકાસ અને બીજા મુદ્દા બાજુ પર રહી ગયા છે અને વધુ એક વાર બાબરી -રામજન્મભૂમિનો મુદ્દો કેન્દ્રમાં આવી ગયો છે. હેમંત કરકરેની શહીદી સામે પ્રજ્ઞા ઠાકુરનો બળાપો ભાજપને લાભને બદલે હાનિ પણ પહોંચાડી શકે. આથી ભાજપે તાબડતોબ એ મુદ્દે સ્પષ્ટતા પણ કરી. લોકશાહીના સાત દાયકા પછી ભારતમાં પ્રજાનું પ્રતિનિધિત્વ કરવા માટે બંધારણના લીરા ઉડાડનારા જામીન પર છૂટેલા ઉમેદવારો મળે તે કેવી વિડંબના છે!

# સરકાર હસ્તકની જમીન પરત મેળવવાની કાર્યવાહી



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

જમીનના હક્કદાર કે કબજેદાર તરીકે હંમેશા એક પ્રકારની ચોકસાઈ રાખવાની જરૂર હોય છે. વખતો વખત તેની અધિકૃત એન્ટ્રીઓ તપાસવી જોઈએ, તમારા હક્ક, હિતને જોખમમાં મુકતી હોય તેવી કોઈ બાબત તેમાં અકસ્માતે, ઈરાદાપૂર્વક દાખલ તો નથી થઈ ગઈને તેની તકેદારી રાખવી જોઈએ. ઘણીવાર જમીનના તમામ રેવન્યુ રેકર્ડમાં સરકારનું નામ આવી જતું હોય છે.

ઘણા ગામો નગરોની જમીનોમાં ગામ નમુના નં. ૭/૧૨ ના સર્વ / બ્લોક નંબરોમાં એટલે કે રેવન્યુ રેકર્ડમાં સરકારનું નામ કજેદાર તરીકે દાખલ કરેલ હોય છે જે ઉત્તરોત્તર જુના રેકર્ડ ઉપરથી તપાસ કરવાની બાબત બને છે ઘણી વખત જમીનના મુળ માલીકની જાણ કે અજાણતા અથવા તો કોઈ હુકમના શરત ભંગ બદલ પણ જમીનમાં સરકાર દાખલ થાય છે.

જો કોઈ પણ પ્રકારના કાયદેસરના હુકમ કે ફેરફાર નોંધ વગર ખાનગી માલીકી, કબજેદારની જમીનમાં સરકાર દાખલ થયેલ હોય તેવું પણ બને છે તેવા સંજોગોમાં મુળ માલીક અથવા વારસદારો જમીન મહેસુલ ધારાની કલમ-૩૭ ની જોગવાઈ અનુસાર જમીન પરત માંગવા માટેની ખાનગી માલીકીની ઠરાવવા માટેની કાર્યવાહી સરકાર વિરૂધ્ધ કરી શકે છે.

જયાં સુધી તેવી વ્યક્તિ સરકાર દાખલ કરેલી જમીનમાં પોતાનો હક્ક સાબીત કરતી નથી ત્યાં સુધી તેવી જમીન સરકારની ગણવામાં આવે છે. લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૭(૧) માં સરકારી જમીનનો નિકાલ કરવાનો અધિકાર કલેકટરશ્રીને આપવામાં આવ્યો છે. અગર તો સરકારી જમીનના નિકાલ કરવાના અધિકાર માટે તાબાના અધિકારીને ડેલીગેટ કરવામાં આવે છે જેતે જમીન ઉપર સરકારનો હક્ક કે માલીકી કયા સંજોગોમાં આવે છે તેની સમજ મેળવવી પણ જરૂર છે.

ખાસ કરીને ભાડા પટ્ટે અપાયેલી જમીન ઉપર વિવિધ સંજોગોમાં સરકારનો હક્ક દાખલ થતો હોય છે તેમજ કલમ ૬૦, ૬૨ માં પણ જમીનના નિકાલની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવે છે. કલમ ૩૮ માં સરકાર તરફથી જમીન એક વર્ષ કે લાંબાગાળાના પટ્ટે એટલે કે ૯૯ વર્ષના ભાડા પટ્ટે આપવાનો પણ અધિકાર છે આવા સંજોગોમાં જમીન જેને અપાય તેને માલીકી હક્ક મળતો નથી પરંતુ તેનો કબજો ઠરાવવાનો અને નક્કિ કરેલો ઉપયોગ કરવાનો હક્ક મળે છે.

આવી જમીનની માલીકી હક્ક તો સરકારનો જ રહે છે કોઈપણ જમીનના નીચે ખાણ, ખનીજ વિગેરેના હક્કો સરકારના જ રહે છે. ઘણી વખત કબજેદાર વ્યક્તિ મહેસુલ ભરવાની ચુક કરે તો તેવા સંજોગોમાં પણ સરકાર તેવી જમીન ખાલસા કરે છે આથી કોઈપણ ખાતા હસ્તકની જમીન હંગામી કે કાયમી નિકાલ કરવાનો હોય તો કલેકટરે જમીન વિભાગ રાજય સરકારની મંજુરીથી આપી શકાય છે. તેવી જમીનમાં વ્યક્તિનો કાયદેસરનો હક્ક હોય તો કલેકટરે નક્કિ કરેલા હુકમથી તે જતો નથી. સરકારે જમીનના નિકાલ માટે ત્રણ પધ્ધતિ અપનાવી છે (૧) હરાજીથી (૨) ઉચ્ચક કિંમત ઠરાવીને (૩) વગર કિંમતે મહેસુલ માફીથી. જયારે કોઈ પણ જમીન પરત્વેના હક્કો સબંધમાં રાજય સરકાર મ્યુનિસીપાલીટી કે કોર્પોરેશન વચ્ચે તકરાર હોય ત્યારે કલેકટર તેવી તકરારનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરશે પરંતુ તેવી કોઈ પણ મુદ્દા હક્ક વગેરે પરત્વે ટાંક્યા હોય ત્યારે તેવા કેસનો નિર્ણય અર્થે રાજય સરકારને મોકલવામાં આવે છે.

જમીન મહેસુલ કાયદાની કલમ ૩૫(૨) મહત્વની જોગવાઈ છે, કોઈપણ વ્યક્તિ જે જુના રેકર્ડ ઉપર અગાઉના માલીક હોય અથવા તેમના પૂર્વજ જમીન ખેડડતા હોય તેવા કોઈપણ પ્રકારના આધાર પુરાવા રેવન્યુ રેકર્ડ ઉપલબ્ધ હોય તો તેના આધારે તેવી જમીન સરકાર પાસેથી પરત મેળવવા માટે જરૂરી અરજી કરી શકે છે.

રેવન્યુ રેકર્ડ ઉપર સરકાર ચાલતી જમીનના હક્ક ખાનગી માલીકને પ્રાપ્ત થાય તે મુજબની કાર્યવાહી કરવા માટેના અધિકારો મામલતદાર/ પ્રાંત અધિકારીને ડેલીગેટ કરવામાં આવે છે. કોઈપણ જમીન મીલ્કત અગાઉથી પોતાની ખાનગી માલીકીની કરાવવા માટે સાબીતી રૂપે અરજદારે મુખ્યત્વે (૧) જમીન કેવી રીતે પોતે કે તેમના વડિલોએ મેળવેલ છે (૨) જમીન પરત્વેના વર્ષો જુનો કબજો, ભોગવટો છે (૩) જયારે પ્રતિકુળ કબજો હોય તેવા સંજોગોમાં કબજાના આધારે માલીકીનો દાવો કરતો હોય પરંતુ પોતાનો કબજો સાબીત કરવા માટે કોઈપણ પ્રવૃત્તિ કરેલ હોય અથવા તો તેને વંડી કરેલ હોય તેવા પ્રકારના સ્વતંત્ર કબજા, ભોગવટાના પુરાવા જોઈએ તથા પોતે તે જમીન જાત ખેડથી ઉપજ નિપજ લે છે તેવા પુરાવા જોઈએ.

તેવી જમીન ખાનગી માલીકીની જાહેર કરવા માટે હક્ક દાવો કરનાર તરફથી પુરાવા સાબીત કરવા માટેનો બોજો અરજદાર ઉપર રહે છે અરજદારે જમીન મહેસુલ કાયદાની નીચે દાદ મેળવવાની બધી જોગવાઈઓનો ઉપયોગ કરેલ ન હોય ત્યાં સુધી દિવાની કોર્ટમાં સરકાર વિરૂધ્ધ જઈ શકાય નહિ. કોઈપણ દફરતમાં કોઈપણ ફેરફાર નોંધથી કોઈ પણ પ્રકારનો હુકમ વગર જમીનના રેકર્ડમાં સરકાર લખાઈ જવાથી જમીન સરકારી બનતી નથી પરંતુ તેવી જમીનને ખાનગી માલીકીની જમીન છે તેવું પુરવાર કરવા માટે જે તે કબજેદારોએ સરકારની વિરૂધ્ધ હક્કદાવો કરવો જોઈએ.

અધિકારીએ કલમ ૩૫(૨) ની તપાસમાં કરેલ ઠરાવ ઉપર કલેકટર રીવીઝનના અધિકાર ના ચલાવી શકે, અધિકારીએ કરેલ હુકમની રાજય સરકાર તરફથી પુનઃ અવલોકન, રીવ્યુ કે રીવીઝનમાં લેવામાં આવે છે અને જો ચુકાદા સરકારની વિરૂધ્ધમાં હોય તો ગુજરાત મહેસુલ પંચમાં સમય મર્યાદામાં હુકમને પડકારી શકાય છે.

જયાં સુધી કલમ ૩૫(૨) ની કાર્યવાહી ચાલતી હોય અને આખરી નિકાલ ના થાય ત્યાં સુધી કલેકટર કલમ ૬૧ હેઠળ અધિકાર એટલે કે જમીન ઉપર દબાણ દૂર કરવાનો અધિકારનો અમલ કરી શકતા નથી.

# ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિ અને કળા જે ખીલવે, તે વધુ સુખી થાય : વજુભાઈ શાહ



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

ઓછામાં ઓછી જરૂરિયાતોથી જીવન ચલાવવાની શક્તિ ને કળા જે ખીલવે, તે વધુમાં વધુ સુખી થાય, વધુમાં વધુ સ્વતંત્રતા અને ખુમારી જાળવી શકે. જરૂરિયાત જેમ વધારે તેમ પરાક્રમ કરવાની શક્તિ હણાતી જાય.

- વજુભાઈ શાહ

ચૂંટણીનો પ્રચાર પરાકાષ્ઠાએ પહોંચ્યો છે અને મતદાનનો અમૂલ્ય દિવસ આવી પહોંચ્યો છે ત્યારે આ દેશને, આ દુનિયાને અને આ આખાયે સમાજને આજે વજુભાઈ શાહ જેવા રાજકારણીની જરૂર છે. રમણીકભાઈ ધામી લખે છે : 'ગોપીઓ કૃષ્ણની વાંસળી સાંભળીને જાતનું ભાન ખોઈ બેસતી હતી, તેવો જ વજુભાઈની વાણીનો યુવાનો પર પ્રભાવ હતો.'

ભાનુભાઈ શુક્લ એમ લખે છે : 'એવાં કેટલાંય ભાઈબહેનો છે જેમને વજુભાઈએ દેશસેવાનો રંગ લગાવ્યો છે. વજુભાઈએ મેઘાણીનાં ગીતો ગવડાવ્યા, કંતાવ્યું, ખાદી પહેરાવી, હરિજનવાસમાં મોકલ્યા, શેરીઓ વળાવી. તેમની પ્રેરણા પામનાર, રજબઅલી લાખાણી જેવા યુવાને શહીદી પણ વહોરી. એવું ઘડતરનું કામ વજુભાઈ કરતા.' તો વળી મનુભાઈ પંચોળી વજુભાઈ માટે લખે છે કે : 'વજુભાઈ દધીચિની પરંપરાનો માણસ હતો. સૌરાષ્ટ્ર માટે એણે હાડ ઓગાળી નાખ્યાં છે. અમારી પેઢીમાં કોઈનાં અજાતશત્રુતા હોય તો એકમાત્ર વજુભાઈમાં મેં જોઈ છે. સાચી વાત કહેવાતી તેમની રીત સૂર્યનાં પ્રખર કિરણો જેવી નહીં પણ ચંદ્રના કિરણ જેવી શીતળ હતી. તેજ ખરું, પણ તપાવે તેવું નહીં. વજુભાઈ લોકસેવક જ નહીં, શ્રેયાર્થી માણસ હતા. આ સંસારમાં રહીને પણ મોક્ષ મેળવી શકાય એ તેમણે સાબિત કર્યું છે.'

'વજુભાઈ' કહીએ એટલે બધું આવી ગયું. 'શાહ' લગાડવાની પણ જરૂર નહીં. એ ગુજરાત રાજયના પ્રધાન હતા યે યાદ પણ આવે નહીં. સત્તા, વૈભવ, વગવસીલાના માણસ જ નહીં સમજના અને સમજાવટના માણસ. તમને કોઈ સમજે એવું તમે ઝંખો છો ? તો વજુભાઈ બેઠા છે. કોઈ ઝઘડાખોર કોઈ પાયો સમજતો નથી ? તો વજુભાઈનો ઉપાય અજમાવી જુઓ. વજુભાઈનો કોઈ ડારો નહીં, લાલ ડોળો નહીં. મૂળ સોતા ઉખેડી નાખશે એવો જેને અંગે જરીકે અંદેશો નહીં, સત્તા ઉપર હોય તોય તે નહીં એટલે નહીં. - એ વજુભાઈ. પાસે બેસીને જાણે દિલ પસવારતા હોય એમ ગાતા ગાતા બોલતા હોય એવી એમની એકધારી વાણી વહ્યા કરે. કાળી બંડી, ગૌર વર્ણ, શરીર કૃશ પણ ચહેરોમહોરો મોટો, અંદર ખાડા તો ખરા જ, આંખ ચકોર, સમજુ, ઉમંગી, કપાળ ઉપર ઢળતી લટ - વજુભાઈના વ્યક્તિત્વમાં એક જાતની કુમાશ હતી. હૃદયનો કળાકાર માણસ. વજુભાઈમાં અખૂટ જીવનરસ - છેલ્લાં વરસો માંદગીમાં ગયા, પણ મળીએ ત્યારે વરસોનાં વરસ જીવવાના હોય એમ કાં ને કાંઈ નવીન યોજના - નવીન વિચારની માંડણી કરે.

ચિ. અમિતાનાં લગ્ન લેવાયાં ત્યારે કહે : આપણી દીકરી બીજા પ્રદેશમાં જાય છે ત્યારે એમ થાય છે કે ગુજરાતી ગદ્યની ઉત્તમ ચિંતન કંડિકાઓ એકઠી કરીને એક પુસ્તિકા સુંદર રીતે છાપીને રજૂ કરીને એક પુસ્તિકા સુંદર રીતે છાપીને રજૂ કરીએ. આ બધું બોલે ત્યારે એમની કોડભરી આદર્શમયતા આપણા હૃદયને સ્પર્શી જાય.

- ઉમાશંકર જોશી

વજુભાઈનું સ્મરણ થતાં જ એક સૌમ્ય મૂર્તિ આંખ સામે ખડી થાય છે. કોઈ પણ વાત અત્યંત ધીરજથી, ઠાવકાઈથી, સૌમ્યતાથી રજૂ કરવાની શૈલી એમના સ્વભાવમાં વણાયેલી હતી.

સાવ વિરોધમાં કહેવું હોય ત્યારે પણ વજુભાઈ આરંભ કરે સામવાળાની વાતથી. કયારેક તો સામાવાળો પોતે રજૂ કરી શક્યો હોય તેના કરતાંયે વધુ સારી રીતે એની વાત વજુભાઈ રજૂ કરી આપે. અને પછી શાંતિથી ને સૌમ્યતાથી 'પરંતુ... વાત એમ છે કે...' એમ કરીને પોતાનો વિરોધી મુદ્દો કહે.

- કાંતિ શાહ

પચાસ વર્ષના જાહેર જીવનમાં વજુભાઈનો ઉત્સાહ કદી ઓસર્યો નથી. ગમે તેવી નિરાશાના વાતાવરણમાં પણ વજુભાઈને મળો એટલે નવી પ્રેરણા લઈને જ પાછા ફરો.

વજુભાઈનો પ્રેમ એવો કે તે જે કહે તે કર્યા વગર રહી જ ન શકાય. તેમની ખરી વિશેષતા તો કોઈ પણ વિચારને સમજાવવાની કળા. કલાકો સુધી ધીરજથી વાતો કરે. સાચા માણસને સમજવા પૂરો પ્રયત્ન કરે. પોતાની વાત તેની હોય એમ લાગે એ રીતે તેના હૃદયમાં પ્રવેશે.

ગુજરાતમાં અનેક વક્તાઓને સાંભળવાની તક મળી છે, પણ વજુભાઈ તો વજુભાઈ જ. તે ગામડાંના સામાન્ય માણસ સાથેની વાતોમાં તો ખીલે જ, પણ ભણેલાગણેલા વર્ગનેય તેમની વાતોથી મંત્રમુગ્ધ કરી દે. ગમે તે વિષય ઉપર તેઓ બોલી શકે. જે વિચરા પર તે બોલતા હોય તે વિચાર તેમના હૃદયમાંથી ઊઠતો હોય તેવી પ્રતીતિ સાંભળનારને થયા વગર ન રહે. એટલે જ વજુભાઈની વાણી ઝીલતાં કોઈ થાકે નહીં. અને વાતો કરતાં, સામાના હૃદયમાં પ્રવેશતાં થાકે તો તે વજુભાઈ નહિ.

દેહથી ભિન્ન આત્મા છે, આત્માની શક્તિ છે, તેનો સતત અનુભવ કરાવે એવું હતું વજુભાઈનું જીવન. પચાસ વર્ષ સુધી એકધારી દેશસેવા કરતાં કરતાં શરીર ઘસાઈ ગયું ત્યારે પ્રેમપૂર્વક આત્માએ ઓઢેલી 'જયોં કી ત્યોં ધરી દીની ચદરિયા.'

- નવલભાઈ શાહ

વજુભાઈ શાહને કૌમારાવસ્થામાં જૈન સાધુ બનવાનો પ્રબળ ભાવ જાગેલો. પરંતુ રાષ્ટ્રીય લડત આવી. સત્યાગ્રહમાં જોડાવા અન્ય મિત્રો સાથે વજુભાઈએ પણ ઝંપલાવ્યું. એમના જીવનપ્રવાહને એક નવો જ વળાંક મળ્યો.

વજુભાઈનો શાસ્ત્રાભ્યાસ બહુ ન હતો, છતાં એમની વાણી અને સમજણ શાસ્ત્રપૂત અને ધર્મયુક્ત હતા. એમના વિચાર, વાણી અને વર્તનમાં એકતા હતી. એમની જાગૃતિ એટલી બધી હતી કે એમના મુખેથી કયારેક હલકું વચન નીકળતું નહિ. કોઈની નિંદા પણ નીકળે નહિ. દરેકના ગુણ જુએ અને એ ગુણોને જ રજૂ કરે. ગ્રહણશક્તિ એવી જોરદાર કે સામો માણસ અરધી વાત કરે ત્યાં આખી વાત સમજી જાય અને તેને એટલી સરસ રીતે રજૂ કરે કે પેલો માણસ કહે, 'મારે એ જ વાત કરવી હતી.' ગમે તેવી ઉશ્કેરણીના પ્રસંગે પણ જરાય ક્ષુબ્ધ થયા વિના ફરી ફરીને મિત્રભાવે પોતાની વાત સમજાવવાનો પ્રયાસ કરતા હોય. વજુભાઈની સ્મરણશક્તિ પણ એવી જ બળવાન હતી. એમની યાદી ટપકાવવાની જરૂર ન પડતી. ચહેરા, પ્રસંગ અને થયેલી વાતનું સ્મરણ તાજું જ રહેતું, એમનું હૃદય અત્યંત સંવેદનશીલ હતું. કંઈ પણ અનુચૂતિ બને તે તરત એમને ખટકે. સાચા માણસની લાગણીનો પૂરો ખ્યાલ રાખે.

વજુભાઈ સર્વથા નિર્ભય હતા. ગમે તેવા વિષય સંજોગોમાં પણ આત્મવિશ્વાસથી જઈને ઊભા રહેતાં તેઓ અચકાતા નહિ. સત્ય વાત રજૂ કરતાં કયારેય સંકોચાતા નહિ. પરંતુ નિર્ભયતાની સાથે એમની નમ્રતા પણ એટલી બધી હતી કે એ વાત સાંભળનારનો એમના પ્રત્યે સદ્‌ભાવ વધે.

અમરેલીમાં હાવાભઆઈ સંઘવીનું ઘર એટલે કાર્યકરોની છાવણી. માતાપિતા જૂની પેઢીનાં પ્રતિષ્ઠિત વૈષ્ણવ છતાં નવા વિચારને સમજવાવાળાં હતા, એમણે બધા કાર્યકરોને તેઓ દીકરાની જેમ રાખતા. એક દિવસ હાવાભાઈનાં બાએ વજુભાઈને કહ્યું, 'ભાઈ વજુ, તું સમજું છો, મર્યાદાવાળો છો, પાંચ માણસમાં પુછાય એવો છો, પણ આ તારા ઓડિયાં મને ગમતાં નથી.' બાની આટલી ટકોર વજુભાઈને સાવધ કરી દીધા. એ જ દિવસે વાળ કપાવીને ટૂંકા કરી નાખ્યા. ત્યારથી વજુભાઈના જીવનમાં સ્થૂળ રજસ્ કાયમ માટે ગયો.

- બાલકૃષ્ણ દવે

**Last Seen :**

પરમ આનંદને મંગલની ઘડી છે. બધું મને મંગલમય દેખાય છે. મંગલનો અનુભવ કરી રહ્યો છું. પરમ શાંતિ, નિરવ શાંતિ....

(વજુભાઈ શાહના અંતિમ શબ્દો : તા. ૦૯-૦૧-૧૯૮૩)

nehalgadhavi101@gmail.com

# ચૂંટણીમાં ઉમેદવારોની શૈક્ષણિક પદવીઓની અશૈક્ષણિક ચર્ચા



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

ચૂંટણી લોકસભાની હોય ત્યારે ચર્ચા છેલ્લાં પાંચ વર્ષ દમિયાન સરકારની કામગીરી અને વિપક્ષની ભૂમિકાની સક્રિયતા કે નિષ્ક્રિયતાની થવી જોઈએ. એને બદલે ત્રણ-ત્રણ વાર સાંસદ ચૂંટાયેલા કેટલાક ઉમેદવારોની શૈક્ષણિક પદવીઓ વિશે કેન્દ્રના કેબિનેટ પ્રધાનો પત્રકાર પરિષદો ભરીને મીડિયામાં છવાયેલા રહે કે ટ્વીટર પર મારો ચલાવતા હોય ત્યારે તેમને દેશના ભવિષ્યની કેટલી ચિંતા છે, એ કહેવું જરા મુશ્કેલ છે. ગુજરાતમાં એક મંત્રી બારમું ધોરણ પાસ કરે અને બીજા જ વર્ષે વડોદરાની દુકાનમાંથી એમ.બી.એ.ની પદવી લઈ આવે. મામલો અદાલતે જાય ત્યારે આ તો રાજકીય કારણોસર અદાલતી ખટલો દાખલ કરાયાનો તર્ક રજૂ કરીને અદાલતનો પણ સમય બરબાદ કરાયાનું વાતાવરણ ઊભું થાય છે. તાજેતરમાં કેન્દ્રનાં મંત્રી સ્મૃતિ ઈરાનીનો ઉતરતા ક્રમમાં શૈક્ષણિક લાયકાત સાથેનાં ઉમેદવારીપત્રકો ભરવાનો મામલો ખૂબ ચગ્યો. પહેલાં એમણે પોતે બી.એ.ની પદવી ધરાવતાં હોવાનું ઉમેદવારીપત્રકમાં લખ્યું હતું. બીજીવાર ઉમેદવારીપત્રક ભરતાં એ બી.કોમ.પરત-૧ થયાં એવું નોંધ્યું હતું. છેલ્લે એ બારમું પાસ લખી બેઠાં. મીડિયાવાળા પ્રશ્ન કરે એટલે બહેનબાએ ટીવી ચેનલ પર કહ્યું કે એમ તો મારી પાસે યેલ યુનિવર્સિટીની નેતૃત્વ અંગેની ડિગ્રી પણ છે! મામલો બિચક્યોઃ મોદીનામા લખનારાં મધુ કિશ્વરે તો ટ્વીટ કર્યું કે કેન્દ્રમાં મંત્રી રહેલાં બહેનને ડિગ્રી અને સર્ટિફિકેટ વચ્ચેનો ભેદ પણ ખબર નથી. ઓછામાં પૂરું આ બહેન તો પાછાં ડૉ.મુરલી મનોહર જોશી જેવા મહાવિદ્વાન માનવ સંસાધન મંત્રીનાં અનુગામી રહેલાં. માનવ સંસાધન મંત્રાલયે ખુલાસો કરવો પડ્યો કે સ્મૃતિબહેન યેલમાં ૭ દિવસ માટે સાંસદો સાથે નેતૃત્વ અંગેના તાલીમી કાર્યક્રમમાં ગયાં હતાં, એ વેળા તેમને મળેલા પ્રમાણપત્રની એ વાત કરે છે; કોઈ સ્નાતક પદવીની નહીં!

**વર્ષોથી સાંસદો રહેલાઓની પદવીઓની શંકા**

વાત ભાજપનાં સ્મૃતિ ઈરાનીની ડિગ્રીની હોય અને અમેઠી બેઠક પરથી એ ફરીને કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી સામે ઉમેદવારી કરવાનાં હોય ત્યારે કેન્દ્રના નાણામંત્રી અરુણ જેટલી પત્રકાર પરિષદ ભરીને રાહુલબાબા પર તૂટી ના પડે તો જ નવાઈ. રાહુલ એમ.એ. કર્યા વિના જ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી એમ.ફિલ.ની પદવી લઈ આવ્યા હોવાની વાત કરીને જેટલીએ જાણે કે મીર માર્યો. હકીકતમાં આજે પણ જેટલીને અર્થશાસ્ત્રના અજ્ઞાની નાણામંત્રી ગણાવીને જાહેરમાં ટીવી ચેનલો પર ટીકા કરતા ભાજપી સાંસદ અને અર્થશાસ્ત્રી ડૉ.સુબ્રમણિન સ્વામી વર્ષો

- કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ કેમ્બ્રિજમાંથી ૧૯૯૫માં એમ.ફિલ.થયાનું સર્ટીફાય થયા છતાં મીડિયામાં વિવાદ ચાલ્યો
- બી.એ.પછી બારમું પાસ કેન્દ્રનાં મંત્રી સ્મૃતિ ઈરાની યેલ યુનિવર્સિટીના પ્રમાણપત્રને ડિગ્રી ગણાવતાં રહ્યાં!
- સોનિયા ગાંધીએ ઇટાલિયન નાગરિકતા જાળવ્યાનું આડવાણી નકારતા રહ્યા છતાં સુષ્મા મુદ્દો ગજવતાં રહ્યાં
- પ્રાથમિક શિક્ષક રહેલા મંત્રીઓ ચુડાસમા, રૂપાલા કે વાનાણીની મંત્રી તરીકેની કામગીરી યશસ્વી રહી છે

પહેલાં રાહુલની ડિગ્રી બોગસ હોવાનો મુદ્દો ઉઠાવી ચુક્યા હતા. એ વેળા કેમ્બ્રિજે લેખિતમાં જણાવ્યું હતું કે ૧૯૯૫માં રાહુલ અમારે ત્યાંથી એમ.ફિલ. પદવી મેળવી ચુક્યા છે. જેટલીએ વધારાનો મુદ્દો ઉઠાવ્યો એ એમ.એ. કર્યા વિના રાહુલે એમ.ફિલ. કર્યાનો. વાસ્તવમાં જેટલીએ કેમ્બ્રિજની સત્તાવાર વેબસાઈટ જોવાની તસ્દી લીધી હોત તો એમને વાંચવા મળત કે ત્યાં સ્નાતક થયેલાને અનુસ્નાતક કર્યા વિના ય એમ.ફિલ.માં પ્રવેશ મળે છે. વળી, વાત રાહુલની ડિગ્રીએ અટકી નહીં, એવું પણ પૂછાયું કે સોનિયા ગાંધીની ડિગ્રી કઈ? વાસ્તવમાં છેલ્લાં કેટલાંય વર્ષોથી સોનિયા ગાંધી જ નહીં, રાહુલ પણ ચૂંટણી જીતીને સંસદમાં બેસે છે અને છેલ્લાં પાંચ વર્ષથી તો ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર છે તો એમાં કેબિનેટ મંત્રી તરીકે બેસનારા જેટલી સહિતના કને તો સોનિયા અને રાહુલની શૈક્ષણિક લાયકાતની અધિકૃત માહિતી હોવી ઘટે.જોકે એમને મીડિયાને કવાયત કરાવવાનું ફાવે અને મુખ્ય મુદ્દાઓથી વાતને અન્યત્ર ફંગોળવાનું ફાવે એટલે આવા મુદ્દા ઉઠાવવામાં આવે. નાયબ વડાપ્રધાન તરીકે લાલકૃષ્ણ આડવાણીએ એકથી વધુ વખત જાહેરમાં નિવેદન કર્યું હતું કે મેં સોનિયા ગાંધીની નાગરિકતાની ફાઈલ જોઈ છે અને તેમણે ભારતની નાગરિકતા લીધી ત્યારે ઈટાલીની નાગરિકતા રાખી નથી. આમ છતાં, અત્યારનાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ વારંવાર એ મુદ્દો ઉઠાવતાં રહ્યાં હતાં કે સોનિયા ગાંધીએ ભારતીય નાગરિકતાની સાથે ઈટાલીની નાગરિકતા પણ રાખી છે. કમનસીબે રાજકારણમાં આવા ગોબેલ્સ જેવા પ્રયોગો વારંવાર ચાલતા રહે છે.

**માત્ર પાંચ ચોપડી પાસ કામરાજનો પ્રભાવ**

મુદ્દો શિક્ષણની લાયકાતનો હોય તો પાકિસ્તાનમાં જેમ સ્નાતક કે ગ્રેજ્યુએશનને કોઈપણ રાજકીય ચૂંટણી લડવા માટે અનિવાર્ય લાયકાત ગણવામાં આવે છે એવી ભારતમાં જોગવાઈ નથી. પોતાને બારમું પાસ ગણાવતાં શ્રીમતી ઈરાની પીએચ.ડી. કે એથી વધુ લાયકાત ધરાવનારા શિક્ષણવિદોનાં બોસ રહ્યાં છે. લંડનથી માત્ર સર્ટિફિકેટ કોર્સ કરનારાં સોનિયા ગાંધી દસ-દસ વર્ષ સુધી કેન્દ્રની યુપીએ સરકારનાં રિમોટ લેખાતાં હતાં. સ્મૃતિબહેન અને સોનિયાબહેન બેઉ વેઈટ્રેસ રહ્યાનું પોતે સ્વીકારી ચૂક્યાં છે. આરએસએસના સુપ્રીમો રહેલા સુદર્શનજીએ વોક-ધ-ટોકમાં જેમને દેશનાં શ્રેષ્ઠ વડાંપ્રધાન ગણાવ્યાં હતાં એ ઈન્દિરા ગાંધી સ્નાતકની પદવી પણ ધરાવતાં નહોતાં. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, વડાપ્રધાન પંડિત નેહરુ, નાયબ વડાપ્રધાન સરદાર પટેલ સહિતના મહાનુભાવો બેરિસ્ટર હતા, પણ એ પછીના નેતાઓમાં અભણ ગણાવી શકાય એવા કે.કામરાજ માત્ર પાંચ ચોપડી ભણ્યા હોવા છતાં દેશભરમાં સૌથી પ્રભાવી કામરાજ યોજનાના જનક જ નહીં, દક્ષિણના મુખ્ય રાજયના શ્રેષ્ઠ મુખ્યમંત્રી પણ રહ્યા. દેશના લાડકા (ડાર્લિંગ) વડાપ્રધાન લેખાયેલા રાજીવ ગાંધી પણ ક્યાં સ્નાતકની કોઈ પદવી ધરાવતા હતા? નેહરુ-ગાંધી પરિવારમાં પંડિત નેહરુ પછી સૌપ્રથમ કોઈ વંશજ સ્નાતક અને પછી એમ.ફિલ.થયો હોય તો તે રાહુલ ગાંધી. એ પછી એમના પિતરાઈ અને કાકા સંજય ગાંધીનો દીકરો ફિરોજવરુણ ગાંધી લંડન યુનિવર્સીટીમાંથી એમ.એ. થયો અને બહેન પ્રિયંકા એમ.એ. થઈ. દેશભરમાં ગુજરાત મોડેલની ખૂબ ચર્ચા રહી.એના શિક્ષણ રાજયમંત્રી નાનુભાઈ વાનાણી પાંચ ચોપડી ભણેલા પ્રાથમિક શાળાના શિક્ષક હતા. વર્તમાન શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ પ્રાથમિક શાળાના શિક્ષક રહ્યા અને પછી વકીલાતનું ભણ્યા. કેન્દ્રમાં મંત્રી પુરુષોત્તમ રૂપાલા પણ પ્રાથમિક શાળાના શિક્ષક રહ્યા. જોકે આ બધા પ્રધાન તરીકે પ્રભાવી રહ્યા છે. જાહેરજીવનમાં આવનારા નેતાઓ ગણેલા હોય એ જરૂરી છે.

-haridesai@gmail.com